ધર્મ અને પંથ

પહેલામાં એટલે ધર્મમાં અંતર્દર્શન હોય છે એટલે તે આત્માની અંદરથી ઉગે છે અને તેમાં જ ડોકિયું કરાવે છે કે તે તરફ જ માણુસને વાળે છે. જ્યારે બીજામાં એટલે પંથમાં બહિર્દર્શન હોય છે એટલે તે બહારના વાતાવરણુમાંથી જ અને દેખાદેખીમાંથી જ આવેલ હોય છે તેથી તે બહાર જ નજર કરાવે છે અને માણુસને બહારની બાજુ જોવામાં જ રોકી રાખે છે.

ધર્મ એ ગુણુજીવી અને ગુણુાવલંબી હોવાથી તે આત્માના ગુણો ઉપર જ રહેલો હોય છે. જ્યારે પંથ એ રૂપજીવી અને રૂપાવલંબી હોવાથી તેનો બધો આધાર બહારના રૂપરંગ અને ડાકડમાળ ઉપર હોય છે તેથી તે પહેરવેશ, કપડાનો રંગ, પહેરવાની રીત અને પાસે રાખવાનાં સાધનો અને ઉપકરણોની ખાસ પસંદગી અને આગ્રહ કરાવે છે.

પહેલામાં એકતા અને અભેદના ભાવો ઉઠે છે અને સમાનતાની ઉર્મિઓ ઉછળે છે. જ્યારે બીજામાં ભેદ અને વિષમતાની તીરાડો પડતી અને વધતી જાય છે. એટલે પહેલામાં માણુસ બીજા સાથેનો પોતાનો ભેદ ભૂલી અભેદ તરફ જ ઝુકે છે. અને બીજાના દુઃખમાં પોતાનું સુખ વિસરી જાય છે અથવા એમ કહો કે એમાં એને પોતાનાં જુદાં સુખ દુઃખ જેવું કાંઇ તત્ત્વ જ નથી હોતું; જ્યારે પંથમાં માણુસ પોતાની અસલની અભેદ ભૂમિને ભૂલી ભેદ તરફ જ વધારે અને વધારે ઝુકતો જાય છે અને બીજાનું દુઃખ એને અસર નથી કરતું, પોતાનું સુખ એને ખાસ લલચાવે છે, અથવા એમ કહો કે એમાં માણુસનાં સુખ અને દુઃખ સાથી છુટાં જ પડી જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમાં માણસને પોતાનું અને પારકું એ બે શબ્દ ડગલે અને પગલે યાદ આવે છે.

પહેલામાં સહજ નમ્રતા હોવાથી એમાં માણસ લઘુ અને હલકો દેખાય છે તેમાં મોટાઈ જેવી કાંઈ વસ્તુ જ નથી હોતી અને ગમે તેટલી ગુણસમૃદ્ધિ કે ધનસમૃદ્ધિ છતાં તે હમેશને માટે સૌ કરતાં પોતાને નાનો જ દેખે છે. કારણ કે ધર્મમાં બ્રહ્મ એટલે સાચા જીવનની ઝાંખી થવાથી તેની વ્યાપકતા સામે માણસને પોતાની જાત અલ્પ જેવી જ ભાસે છે જ્યારે પંથમાં એથી ઉલટું છે. એમાં ગુણ કે વૈભવ ન પણ હોય છતાં માણસ પોતાને બીજાથી મોટો માને છે અને તેમ મનાવવા યત્ન કરે છે એમાં નમ્રતા હોય તો તે બનાવટી હોય છે અને તેથી તે માણસને મોટાઇનો જ ખ્યાલ પૂરો પાડે છે. એની નમ્રતા એ મોટાઇને માટે જ હોય છે. સાચા જીવનની ઝાંખી ન હોવાથી અને ગુણોની અનન્તતાનું તેમજ પોતાની પામરતાનું ભાન ન હોવાથી પંથમાં પડેલો માણસ પોતામાં લઘુતા અનુભવી શકતો જ નથી માત્ર તે લઘુતા દર્શાવ્યા કરે છે.

ધર્મમાં દૃષ્ટિ સત્યની હોવાથી તેમાં બધી બાજુ જોવા જાણવાની ધીરજ અને બધી જ બાજુઓને સહી લેવાની ઉદારતા હોય છે. પંથમાં એમ નથી હોતું. તેમાં દૃષ્ટિ સત્યાભાસની હોવાથી તે એક જ પોતાની બાજુને સર્વ સત્ય માની બીજી બાજુ જોવા જાણવા તરફ વલણ જ નથી આપતી અને વિરોધી બાજુઓને સહી લેવાની કે સમજી લેવાની ઉદારતા પણ નથી અર્પતી.

ધર્મમાં પોતાનું દોષદર્શન મુખ્ય અને બીજાઓના ગુણનું દર્શન મુખ્ય હોય છે. જ્યારે પંથમાં તેથી ઉલટું છે. પંથવાળો માણસ બીજાના ગુણો કરતાં દોષો જ ખાસ જોયા કરે છે અને પોતાના દોષો કરતાં ગુણો જ વધારે જોયા તેમજ ગાયા કરે છે, અથવા તો એની નજરે પોતાના દોષો ચડતા જ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મગામી કે ધર્મનિષ્ઠ માણસ પ્રભુને પોતાની અંદર જ અને પોતાની આસપાસ જ જુએ છે તેથી તેને ભૂલ અને પાપ કરતાં પ્રભુ જોઈ જશે એવો ભય લાગે છે, તેની શરમ આવે છે. જ્યારે પંથગામી માણસને પ્રભુ કાંતો જેરૂસેલમમાં, કાંતો મક્કામદીનામાં, કાંતો બુદ્ધગયા કે કાશીમાં અને કાંતો શત્રુંજય કે અષ્ટાપદમાં દેખાય છે અથવા તો વૈકુંઠમાં કે મુક્તિસ્થાનમાં હોવાની શ્રદ્ધા હોય છે એટલે તે ભૂલ કરતાં પ્રભુથી પોતાને વેગળો માની જાણે કોઈ તેની ભૂલ જોતું જાણતું જ નહોય તેમ, નથી કોઈથી ભય ખાતો કે નથી શરમાતો અને એને ભૂલનું દુઃખ સાલતું જ નથી અને સાલે તો યે ફરી ભૂલ ન કરવાને માટે નહિ.

ધર્મમાં ચારિત્ર ઉપર જ પસંદગીનું ધોરણ હોવાથી તેમાં જાતિ લિંગ, ઉમર, ભેખ, ચિન્હો, ભાષા અને બીજી તેવી બહારની વસ્તુઓને સ્થાન જ નથી જ્યારે પંથમાં એ જ બાહ્ય વસ્તુઓને સ્થાન હોય છે. કઇ જાતિનો? પુરુષ કે સ્ત્રી? કઈ ઉમરનો? વેષ શો છે? કઇ ભાષા બોલે છે? અને કઈ રીતે ઉઠે કે બેસે છે? એ જ એમાં જોવાય છે; અને એની મુખ્યતામાં ચારિત્ર દબાઈ જાય છે. ઘણી વાર તો લોકોમાં જેની પ્રતિષ્ઠા નહોય એવી જાતિ એવું લિંગ એવી ઉંમર કે એવા વેશ ચિહ્નવાળામાં જો ખાસું ચારિત્ર હોય તોપણ પંથમાં પડેલ માણસ તેને લક્ષમાં લેતો જ નથી અને ઘણીવાર તો તેવાને તરછોડી પણ કાઢે છે.

ધર્મમાં વિશ્વ એ એક જ ચોકો છે. તેમાં બીજા કોઈ નાના ચોકા ન હોવાથી આભડછેટ જેવી વસ્તુ જ નથી હોતી અને હોય છે તો એટલું જ કે તેમાં પોતાનું પાપ જ માત્ર આભડછેટ લાગે છે. જ્યારે પંથમાં ચોકાવૃત્તિ એવી હોય છે કે જ્યાં દેખો ત્યાં આભડછેટની ગંધ આવે છે અને તેમ છતાં ચોકાવૃત્તિનું નાક પોતાના પાપની દુર્ગંધ સુધી શકતું જ નથી. તેને પોતે માનેલું એ જ સુવાસવાળું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને પોતે ચાલતો હોય તે જ રસ્તો શ્રેષ્ઠ લાગે છે તેથી તે બીજે બધે બદબો અને બીજામાં પોતાના પંથ કરતાં ઉતરતાપણું અનુભવે છે.

ટુંકમાં કહીએ તો ધર્મ માણસને રાતદિવસ પોષાતા ભેદ સંસ્કારોમાંથી અભેદ તરફ ધકેલે છે અને પંથ એ પોષાતા ભેદમાં વધારે અને વધારે ઉમેરો કરે છે. અને કયારેક દૈવયોગે અભેદની તક કોઈ આણે તો તેમાં તેને સંતાપ થાય છે. ધર્મમાં દુન્યવી નાની મોટી તકરારો પણ (જર, જોરૂ જમીનના અને નાનમ મોટપના ઝઘડાઓ) શમી જાય છે. જ્યારે પંથમાં ધર્મને નામે જ અને ધર્મની ભાવના ઉપર જ તકરારો ઉગી નીકળે છે. એમાં ઝઘડાદિના ધર્મની રક્ષા જ નથી દેખાતી.

આ રીતે જોતાં ધર્મ અને પંથનો તફાવત સમજવા ખાતર એક પાણીનો દાખલો લઇએ, પંથ એ સમુદ્ર, નદી, તળાવ કે કૂવામાં પડેલા પાણી જેવો જ નહિ પણ લોકોના ગોળામાં ખાસ કરીને પીવાના હિંદુઓના ગોળામાં પડેલ પાણી જેવો હોય છે. જ્યારે ધર્મ એ આકાશથી પડતા વરસાદના પાણી જેવો છે. એને મન કોઈ સ્થાન ઉંચુ કે નીચું નથી. એમાં એક જગાએ એક સ્વાદ અને બીજી જગાએ બીજો સ્વાદ નથી. એમાં રૂપરંગમાં પણ ભેદ નથી અને કોઇ પણ એને ઝીલી કે પચાવી શકે છે. જ્યારે પંથ એ હિંદુઓના ગોળાના પાણી જેવો હોઈ તેને મન તેના પોતાના સિવાય બીજાં બધાં પાણી અસ્પૃશ્ય હોય છે. તેને પોતાનો જ સ્વાદ અને પોતાનું જ રૂપ ગમે તેવું હોવા છતાં ગમે છે અને પ્રાણાંતે પણ બીજાના ગોળાને હાથ લગાડતાં રોકે છે.

પંથ એ ધર્મમાંથી જન્મેલો હોવા છતાં અને પોતાને ધર્મપ્રચારક માનવા છતાં તે હંમેશાં ધર્મનો જ ઘાત કરતો જાય છે. જેમ જીવતા લોહી અને માંસમાંથી ઉગેલો નખ જેમ જેમ વધતો જાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમ તેમ તે લોહી અને માંસને જ હેરાનગતિ કરે છે. તેથી જ્યારે એ વધુ પડતો નખ કાપવામાં આવે ત્યારે જ હાડપિંજરની સલામતી સચવાય છે તેમ ધર્મથી વિખુટો પડેલો પંથ (એકવાર ભલે તે ધર્મમાંથી જન્મ્યો હોય છતાં) પણ જ્યારે કાપ પામે અને છેદાય ત્યારે જ માણસ જાત સુખી થાય. અલબત્ત અહીં એ પ્રશ્ન જરૂર થશે કે ધર્મ અને પંથ વચ્ચે મેળ છે કે નહિ અને હોય તો તે કેવી રીતે? એનો ઉત્તર સહેલો છે. જીવતા નખને કોઈ નથી કાપતું. ઉલટો એ કપાય તો દુઃખ થાય છે. લોહી અને માંસની સલામતી જોખમમાં આવે છે, તે સડવા લાગે છે તેમ જો પંથની અંદર ધર્મનું જીવન હોય તો તે પંથ એક નહી હજાર હો, શામાટે માણુસ જેટલા જ ન હોય; છતાં લોકોનું કલ્યાણ જ થવાનું. કારણ કે એમાં પ્રકૃતિભેદ અને ખાસીઅતો પ્રમાણે હજારો ભિન્નતાઓ હોવા છતાં કલેશ નહિ હોય, પ્રેમ હશે. અભિમાન નહિ હોય, નમ્રતા હશે. શત્રુભાવ નહિ હોય, મિત્રતા હશે. ઉકળવાપણું નહિ હોય. ખમવાપણું હશે. પંથો હતા, છે અને રહેશે પણ તેમાં સુધારવા જેવું કે કરવા જેવું હોય તો તે એટલું છે કે તેમાંથી વિખુટો પડેલો ધર્મનો આત્મા તેમાં ફરી આપણે પુરવો, એટલે આપણે કોઇ પણ પંથના હોઇએ છતાં તેમાં ધર્મનાં તત્ત્વો સાચવીને જ તે પંથને અનુસરીએ. અહિંસાને માટે હિંસા ન કરીએ અને સત્યને માટે અસત્ય ન બોલીએ. પંથમાં ધર્મનો પ્રાણ ફુંકવાની ખાસ શરત એ છે કે દૃષ્ટિ સત્યાગ્રહી હોય. સત્યાગ્રહી હોવાનાં લક્ષણો ટુંકમાં આ પ્રમાણે છેઃ—(૧) પોતે જ માનતા અને કરતા હોઈએ તેની પૂરેપૂરી સમજ હોવી જોઈએ અને પોતાની સમજ ઉપર એટલો બધો વિશ્વાસ હોવો જોઇએ કે બીજાને સચોટતાથી સમજાવી શકાય. (૨) પોતાની માન્યતાની યથાર્થ સમજ અને યથાર્થ વિશ્વાસની કસોટી એ છે કે બીજાને તે સમજાવતાં જરા પણ આવેશ કે ગુસ્સો ન આવે અને એ સમજાવતી વખતે પણ એની ખુબીઓની સાથે જ જો કાંઈ ખામીઓ દેખાય તો તેની પણ વગર સંકોચે કબુલાત કરતા જ જવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩) જેમ પોતાની દૃષ્ટિ સમજાવવાની ધીરજ તેમ બીજાની દૃષ્ટિ સમજવાની પણ તેટલી જ ઉદારતા અને તત્પરતા હોવી જોઈએ. બન્ને અથવા જેટલી બાજુઓ જાણી શકાય તે બધી બાજુઓની સરખામણી અને બળાબળ તપાસવાની વૃત્તિ પણ હોવી જોઈએ એટલું જ નહિ પણ પોતાની બાજુ નબળી કે ભૂલ ભરેલી ભાસતાં તેનો ત્યાગ તેના પ્રથમના સ્વીકાર કરતાં વધારે સુખદ મનાવો જોઈએ. (૪) કોઇ પણ આખું સત્ય દેશ, કાળ કે સંસ્કારથી પરિમિત નથી હોતું માટે બધી બાજુઓ જોવાની અને દરેક બાજુમાં જો ખંડ સત્ય દેખાય તો તે બધાનો સમન્વય કરવાની વૃત્તિ હોવી જોઇએ પછી ભલે જીવનમાં ગમે તેટલું ઓછું સત્ય આવ્યું હોય.

પંથમાં ધર્મ નથી માટે જ પંથો સમાજ અને રાષ્ટ્રનો ઘાત કરે છે. જ્યાં જ્યાં સમાજ અને રાષ્ટ્રમાં એકતા આવવાના પ્રસંગો આવે છે ત્યાં ત્યાં બધે જ નિષ્પ્રાણ પંથો આડે આવે છે. ધર્મજનિત પંથો સરજાયા તો હતા માણસ જાતને અને વિશ્વમાત્રને એક કરવા માટે. પંથો દાવો પણ એ જ કાર્ય કરવાનો કરે છે અને છતાં આજે જોઈએ છીએ કે આપણને પંથો જ એક થતાં, અને મળતાં અટકાવે છે. પંથો એટલે બીજું કાંઇ નહી પણ ધર્મને નામે ઉતરેલું અને પોષાયેલું આપણું માનસિક સંકુચિતપણું કે મિથ્યા અભિમાન. જ્યારે લોકકલ્યાણ ખાતર કે રાષ્ટ્રકલ્યાણ ખાતર એક નજીવી બાબત જતી કરવાની હોય છે ત્યારે પંથના ઝેરીલા અને સાંકડા સંસ્કારો આવીને એમ કહે છે કે સાવધ ન! તારાથી એમ ન થાય. એમ કરીશ તો ધર્મ રસાતળ જશે, લોકો શું ધારશે અને શું કહેશે! કોઇ દિગંબર પોતાના પક્ષ તરફથી ચાલતા તીર્થના ઝઘડામાં ભાગ ન લે, કે ફંડમાં નાણાં ભરવાની પૈસા છતાં ના પાડે, અગર લાગવગ છતાં કચેરીમાં સાક્ષી થવાની ના પાડે તો તેનો પંથ તેને શું કરે? આખું ટોળું હિંદુ મંદિર પાસે તાજીઆ લઇ જતું હોય અને કોઇ એક સાચો મુસલમાન હિંદુઓની લાગણી ન દુખવવા ખાતર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજે રસ્તે જવાનું કહે અગર ગોકશી કરવાની ના પાડે તો તે મુસલમાનની એનો પંથ શી વલે કરે? એક આર્યસમાજનો સભ્ય ક્યારેક સાચી દૃષ્ટિથી મૂર્તિની સામે બેસે તો તેનો સમાજ-પંથ તેને શું કરે? આજ રીતે પંથ સત્ય અને એકતાની આડે આવી રહ્યા છે અથવા એમ કહો કે આપણે પોતે જ પોતાના પંથમય સંસ્કારના શસ્ત્રથી સત્ય અને એકતાનો દ્રોહ કરી રહ્યા છીએ, તેથી જ તો પંથાભિમાની મોટા મોટા મનાતા ધર્મગુરુઓ પંડિતો કે પુરોહિતો કદી મળી શકતા જ નથી, એકરસ થઈ શકતા જ નથી. જ્યારે બીજા સાધારણ માણસો સહેલાઇથી મળી શકે છે. તમે જોશો કે એકતાનો અને લોક કલ્યાણનો દાવો કરનાર પંથના ગુરુઓ જ એક બીજાથી જુદા હોય છે. જો એવા ધર્મગુરુઓ એક થાય એટલે કે પરસ્પર આદર ધરાવતા થાય, સાથે મળીને કામ કરે અને ઝઘડાને સામે આવવા જ ન દે તો સમજવું કે હવે એમના પંથમાં ધર્મ આવ્યો છે.

આપણું આજનું કર્ત્તવ્ય પંથોમાં કાંતો ધર્મ લાવવાનું છે અને નહિ તો પંથોને મીટાવવાનું છે, ધર્મવિનાના પંથ કરતા-અપંથ એવા મનુષ્ય કે પશુ સુદ્ધાં થવું તે લોકહિતની દૃષ્ટિએ વધારે સારૂ છે એની કોઇ ના પાડે ખરૂં?

તા. ૨૧-૮-૩૦ સુખલાલ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org